અપીલ અરજી નં.૧૮૪ તા.૨૨–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૮–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) હિંમતનગર ટી.પી.–૧૫,માં આવેલ હીરાબાગ સર્કલ પાસે આવેલ અંકુર વિદ્યાલય ,ભવ્ય ઈમારતનું બાંધકામ (થઈ) કરવામાં આવેલ છે જેની સંપૂર્ણ કાયદેસરતા શું છે જેની સંપૂર્ણ માહિતી આપવી તથા અગાઉ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો જેની સંપૂર્ણ માહિતી આપવી ,મુદ્દા નં. (૨) છેલ્લા એક વર્ષમાં ગેરકાયદે બાંધકામ ધારકોને નોટીસો આપી હોય તો તેવાની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–**(૧)**અરજદાર જશવંતસિંહ વતી મહેન્દ્રભાઈની મજકુરની અપીલ તા.૨૨–૭–૧૧ ની **SMC/FAP/**નં.૧૮૪/૨૦૧૧– ૧૨
(૨) અરજદાર જશવંતસિંહની તા.૯–૮–૧૧ ના રોજની અપીલ અરજી

શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૮–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) હિંમતનગર ટી.પી.–૧૫,માં આવેલ હીરાબાગ સર્કલ પાસે આવેલ અંકુર વિદ્યાલય ,ભવ્ય ઈમારતનું બાંધકામ (થઈ) કરવામાં આવેલ છે જેની સંપૂર્ણ કાયદેસરતા શું છે જેની સંપૂર્ણ માહિતી આપવી તથા અગાઉ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો જેની સંપૂર્ણ માહિતી આપવી ,મુદ્દા નં. (૨) છેલ્લા એક વર્ષમાં ગેરકાયદે બાંધકામ ધારકોને નોટીસો આપી હોય તો તેવાની માહિતી આપવા બાબતે કોઈપણ માહિતી કે નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨– ૭ –૧૧ ના રોજ અપીલ અરજદાર વતી મહેન્દ્રસિંહ ધ્વારા કરવામાં આવેલ તથા તા.૩૦–૭–૧૧ ના રોજ પૂરક રજૂઆત અપીલ સબંધી કરવામાં આવેલ.

જે સંદર્ભે પક્ષકાર અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તથા અરજદારને અપીલ અરજીમાં તેઓ મુળ અરજીકર્તા ન હોય અપીલના પક્ષકાર બની શકે નહીં. તેથી અપીલ ગ્રાહય રાખી શકાય નહીં. તેવો પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ આઉટવર્ડ નં./૨૨૭ તા. ૬–૮–૧૧થી પુરક વિગતોમાં ફી ભર્યાની રસીદ, અરજદારની મુળ અરજીની નકલ ,નોંધ વિભાગ ,અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ /૨૨૭ તા. ૨૫–૭–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફે શ્રી જશવંતસિંહ તરફથી તા.૯–૮–૧૧ ની અપીલ અરજી અત્રે મળેલ છે.

અરજદારશ્રી જસવંત એ. બ્રહમભટ્ટ તરફથી તા.૧૮–૬–૧૧ના રોજ વરાછાઝોન ખાતે ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય ન મળતાં નારાજ થઈ તા. ૨૨–૭–૧૧ના રોજ મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ મુળ અરજદાર જશવંતસિંહ વતી અપીલ અરજી કરેલ જેના અનુસંધાને અત્રેથી અપીલ તબકકે બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ જેમાં અરજદારને અપીલ અરજીમાં તેઓ મુળ અરજીકર્તા ન હોઈ, અપીલના પક્ષકાર બની શકે નહીં. તેથી અપીલ ગ્રાહય રાખી શકાય નહીં. તેવું મહેન્દ્રભાઈને જણાવેલ પરંતુ તે અંગે મુળ અરજદારે કે પક્ષકારે કોઈ પુરક વિગતો રજુ કરેલ નથી. પરંતુ મુળ અરજદાર વતી મહેન્દ્રસિંહ પક્ષકારે મુદ્દા નં.(૧) તા. ૩૦–૭–૧૧ના પત્રથી પત્ર નં. ઈ.ઝેડ /આરટીઆઈ/૨૨૭ તા. ૨૫–૭–૧૧થી માહિતી મળ્યાની રજુઆત કરેલ તે દરમ્યાન મુળ અરજદાર જશવંતસિંહ ધ્વારા તા.૯–૮–૧૧ ના રોજ અપીલ અરજી મોકલેલ જેમાં પૂરી માહિતી નહીં મળ્યાનું જણાવેલ. આમ અરજદારને જાહેર માહિતી અધિકારીએ વિલંબથી માહિતી પુરી પાડેલ જણાય છે. મુળ અરજદારના અરજીના મુદ્દા નં.(૧) હિંમતનગર ટી.પી.–૧૫,માં આવેલ હીરાબાગ સર્કલ પાસે આવેલ અંકુર વિદ્યાલય ,ભવ્ય ઈમારતનું બાંધકામ (થઈ) કરવામાં આવેલ છે જેની સંપૂર્ણ કાયદેસરતા શું છે જેની સંપૂર્ણ માહિતી આપવી તથા અગાઉ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો જેની સંપૂર્ણ માહિતી આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ મિલ્કતની કાયદેસરતાના કોઈ પુરાવા વરાછાઝોનના રેકોર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે. જે બાબતે પક્ષકાર અરજદારે આપેલ માહિતી` અરજદારે બાંધકામની કાયદેસરતા કોઈ રેકોર્ડ નથી જે બાબતે અરજદારે બાંધકામ ગેરકાયદેસર બનાવવા માટે સાચી માહિતી આપેલ નથી અને રજાચિઠ્ઠી વિનાનું બાંધકામ થયેલ છે તેવી રજુઆત કરેલ છે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર જાહેર સત્તા મંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાનો સમાવેશ થાય છે. ,મુદ્દા નં. (૨) છેલ્લા એક વર્ષમાં ગેરકાયદે બાંધકામ ધારકોને નોટીસો આપી હોય તો તેવાની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ ગેરકાયદેસર બાંધકામોને આપેલ નોટીસ બાબતોમાં વિસ્તારનું વિગતે વર્ણન કરેલ નથી આથી યોગ્ય વિસ્તાર જણાવે વરાછાઝોનના રેકોર્ડ ઉપરથી ઉપલબ્ધ માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ. જે બાબતે વિસ્તારની સ્પષ્ટતા કરવાનું જણાવી આ અરજી આડાપાટે ચઢાવવાના પ્રયત્ન કરેલ છે. કારણ કે જાહેર માહિતી અધિકારી કયા વિસ્તારમાં નોકરી કરે છે અને કયો વિસ્તાર લાગે છે તેની જાણ નથી. વરાછાઝોનમાં આવતાં તમામ ગેરકાયદે બાંધકામોને આપેલ નોટીસની માંગણી કરેલ છે. જે પક્ષકાર અરજદારે મુળ અરજીથી અલાયદી રજુઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પુરક વિગતોમાં અરજદાર સાથે રૂબરૂમાં ચર્ચા કરી પ્રશ્ન અંગે સ્પષ્ટતા કરેલ છે. રૂબરૂમાં એમના નિર્દેશ અનુસાર માહિતી આપેલ છે.તેવું જણાવેલ છે.

પક્ષકાર અરજદારની તા. ૨૨–૭–૧૧ની કરેલી અપીલ તેની મુળ અરજી તા. ૧૮–૬–૧૧ના રોજ કરેલ આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળના માહિતી માંગતી અરજીના અરજીકર્તા જસવંતભાઈ બ્રહમભટ્ટ છે. જયારે અપીલકર્તા પક્ષકાર જસવંતસિંહવતી મહેન્દ્રભાઈ છે તથા તેઓએ અપીલ દરમ્યાન ૩૦–૭–૧૧ના રોજ પત્રથી રજુઆત પણ તેમને કરેલ છે. અપીલ તબકકે પક્ષકાર અરજદારને આરટીઆઈ હેઠળ પક્ષકાર અરજદારને પત્ર પાઠવવામાં આવેલ જે અંગે કોઈ પુરક વિગતો રજુ કરેલ નથી. તેમજ અપીલ અંગે પક્ષકાર અરજદારને અપીલ અરજીમાં તેઓ મુળ અરજીકર્તા ન હોય અપીલના પક્ષકાર બની શકો નહીં તેથી અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેવું જણાવેલ.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી મુળ અરજદાર જશવંતસિંહને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી વિગતે પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧)એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ